વિભાગ હસ્તકની કચેરીઓએ બિન ખેતી વિષયક હેતુ માટે આપવાની થતી મંજૂરી સંદર્ભે નહેર/નદી/નાળા/સ્ટ્રોમ વૉટર ડ્રેઇન/તળાવ વિગેરે વૉટર બોડીઝથી માર્જીન છોડવા બાબત

ગુજરાત સરકાર
નર્મદા જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંક/એમઆઈએસ૧૦૨૦૧૦ :૧૭૧-ક/
તા. ૨૧/૦૮/૨૦૧૮

વંચાણે લીધો : (૧) National Disaster Management Guideline- September-2010

(૨) Comprehensive General Development Control Regulations (GDCR) -2017 (NOTIFICATION NO.GH/V/269 OF 2017/EDP-102016-3629-L DATED:12TH OCTOBER-2017)

**પ્રસ્તાવના :**

વિભાગ હસ્તકની જુદી જુદી વિભાગીય કચેરીઓને નહેર/નદી/નાળા/સ્ટ્રોમ વૉટર ડ્રેઇન/તળાવ વિગેરે બોડીઝની હદ પછી માર્જીન છોડી બિન ખેતી વિષયક હેતુ માટે મંજૂરી/અભિપ્રાય આપવા માટે દરખાસ્ત કરવામાં આવે છે. જે બાબતે નહેર/નદી/નાળા/સ્ટ્રોમ વૉટર/ ડ્રેઇન/ તળાવ વિગેરે વૉટર બોડીઝની હદથી માર્જીન છોડવા બાબતે એક્સુત્રતા જળવાય તે હેતુસર જોગવાઇ નક્કી કરવાનું વિચારણા હેઠળ હતું. જે હવે વૉટર બોડીઝથી માર્જીન છોડવા બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

વિભાગ હસ્તકની જુદી જુદી વિભાગીય કચેરીઓએ નહેર/નદી/નાળા/સ્ટ્રોમ વૉટર ડ્રેઇન/તળાવ વિગેરે બોડીઝની પહોળાઇ પછી માર્જીન છોડી બિન ખેતી વિષયક હેતુ માટે મંજૂરી/અભિપ્રાય આપવા માટે નીચે મુજબની વિગતે વૉટર બોડીઝથી માર્જીન રાખવાનું રહેશે.

૧. જે વિસ્તારમાં જી.ડી.સી.આર.ની જોગવાઇ લાગુ ના પડતી હોઇ તેવા વિસ્તારમાં કેનાલ/ડ્રેઇનમાં સરકારી સંપાદિત જમીન હોય તેવા સ્થળોએ સંપાદિત જમીન ની હદ થી ૧૨ મીટર માર્જીન છોડવાનું રહેશે. કુદરતી ડ્રેઇન હોય તેવા કિસ્સામાં ડ્રેઇનની હદથી ૧૨ મીટર માર્જીન રાખવાનું રહેશે.

૨ જે વિસ્તારમાં GDCR ની જોગવાઇ લાગુ ના પડતી હોય તે વિસ્તારમાં નદીની હદ થી ૫૦ મીટર સુધી કોઇ પણ બાંધકામની મંજૂરી આપી શકાશે નહી અને ૫૦ મીટરથી ૧૦૦ મીટરની વચ્ચે ફક્ત રીક્રીએશનલ(RECREATIONAL) પ્રવૃતિ માટે જ મંજૂરી આપી શકાશે. આવા વિસ્તારમાં તળાવની હદ થી 30 મીટર માર્જીન છોડવાનું રહેશે.

૩. જે વિસ્તારમાં GDCR લાગુ પડે છે તેવા વિસ્તારમાં GDCR ની જોગવાઇ મુજબ વૉટર બોડીઝથી માર્જીન છોડવાનું રહેશે. તેમજ GDCR ની જોગવાઇમાં નિયત સમયાંતરે વૉટર બોડીઝથી માર્જીન માટે થયેલ સુધારા આપોઆપ લાગુ પડશે.

૪ દરિયા કિનારાના વિસ્તાર માટે તેમજ નદીઓના જે ભાગમાં Coastal Regulation Zone (CRZ) ની જોગવાઇઓ લાગુ પડતી હોય તે વિસ્તારો માટે CRZ ની પ્રવર્તમાન જોગવાઇ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(એસ.બી. પ્રજાપતિ)**
ખાસ ફરજ પરના અધિકારી(સિં.યો.)
નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર

નકલ સાદર રવાના પ્રતિ,

(૧) માનનીય રાજ્યકક્ષાનામંત્રીશ્રી( જ.સં)(સ્વતંત્ર હવાલો)અંગત મદદનીશ શ્રી, , સચિવાલય, ગાંધીનગર

(૨) સચિવશ્રી( જ.સ) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, , સચિવાલય, ગાંધીનગર

(૩) ખાસ સચિવશ્રી( જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ .અને કલ્પસર વિભાગ, , સચિવાલય, ગાંધીનગર

(૪) સર્વે મુ.ઇ .અને અ.સ.શ્રીઓ, ન.જ.સં.પા.પુ અને ક .વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) તકેદારી આયુક્તશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેકટર૧૦ બી-, ગાંધીનગર

(૬) નાણાકીય સલાહકાર(જ.સં), સચિવાલય, ગાંધીનગર

(૭) નાયબ સચિવશ્રી(તપાસ), સચિવાલય, ગાંધીનગર

(૮) સર્વે ઉપસચિવશ્રીઓ (તાંત્રિક), , સચિવાલય, ગાંધીનગર

(૯) સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ .અને ક .વિભાગ

(૧૦) સર્વે પ્રોજેક્ટ શાખા( ક-૧, ક-૨, ક-૩, જ), સચિવાલય, ગાંધીનગર

(૧૧) સીલેક્ટ ફાઇલ